# એસ.બી.આઈ.ની મુખ્ય શાખામાંથી પેન્શન મેળવતા સજ્જનોને ૩જીએ પેન્શન મેળવવા વિનંતી

ગાંધીનગર, તા.૨૯
ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પ્રમુખ એસ.ડી.આર. મલિક સાથે એસ.બી.આઈના જનરલ મેનેજરે ચર્ચા કર્યા મુજબ તેની શાખામાંથી મોટી સંખ્યામાં સ્ટાફને ચૂંટણીની કામગીરી સોંપવામાં આવી છે તેથી ૧લીને શનિવારે પેન્શન મેળવવામાં સૌને તકલીફ ન પડે તે માટે પેન્શનર્સ મિત્રો ૩જી ડિસેમ્બરે પેન્શન મેળવવાનો આગ્રહ રાખે તેવી અભિલાષા વ્યકત કરી છે.

એસ.બી.આઈ. ગાંધીનગરની મેઈન શાખાના જનરલ મેનેજરના જણાવ્યાનુસાર મોટા ભાગના કર્મચારીઓ ચૂંટણી કામગીરીમાં જોડાયા હોવાથી ૧લી ડિસેમ્બરે સ્ટાફ વ્યસ્ત રહેશે. વળી શનિવારે બેંકના કામકાજનો સમય અડધા દિવસનો હોઈ, પેમેન્ટ માટે એક જ કાઉન્ટર હોઈ, ૧લીએ પેન્શન મેળવતા પેન્શનરોને મુશ્કેલી પડે નહીં તેથી એસ.બી.આઈ.ની મેઈન શાખામાંથી પેન્શન મેળવતા પેન્શનરોને ૧લી ડિસેમ્બરના રોજ શનિવારને બદલે ૩જી ડિસેમ્બરના રોજ સોમવારે પેન્શન મેળવવા પ્રમુખ એસ.ડી. આર. મલિકે વિનંતી કરી છે.

# સે-૧૭માંથી બે દિવસથી સગીરા લાપતા

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭ 'છ' ટાઈપ બ્લોક નં. ૧૦/૧ માં રહેતી ૧૬ વર્ષીય સગીરા મિનાક્ષી રમેશભાઈ દંતાણી બે દિવસ અગાઉ ૨૭ નવેમ્બરે વહેલી સવારે પોતાના ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના કયાંક ચાલી ગઈ હતી. તેણીના પરિવારજનોએ કરેલી શોધખોળ બાદ પણ કોઈ સગડ મળ્યા નથી. રાત દિવસ કરેલી શોધખોળ દરમિયાન પણ કયાંયથી પત્તો ન મળતા સગીરાના પિતાએ સે-૨૧ પોલીસમથકે જાણવા જોગ અરજી નોંધાવતા પી.એસ.આઈ. સી.બી. ચૌહાણે શોધખોળ કામગીરી હાથ ધરી છે.

# રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળે ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા કરેલી માંગ

ગાંધીનગર, તા. ૨૯
ગુજરાતના પાટનગર એવા ગાંધીનગર જિલ્લાના મૂળ જમીન ગુમાવનાર અસરગ્રસ્ત ખેડૂતોના પ્રશ્નો આજે પણ વણઉકલ્યા રહેતા રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળના પ્રમુખ જીલુજી વાઘેલા, મહામંત્રી કેશરસિંહ બિહોલાએ આક્રોશ ઠાલવ્યો છે અને આ પ્રશ્નો ઝડપથી ઉકેલવા અપીલ કરી છે.

ગુજરાતના પાટનગર ગાંધીનગરની રચના માટે ગાંધીનગર જિલ્લાના ૧૪ ગામોની ખેતી લાયક જમીન નજીવી કિંમતે સરકારે સંપાદન કરી હતી. જમીન સંપાદન કર્યાના બદલામાં સરકારે ખેડૂતોને ખાતેદાર મુજબ ખેડવા અને ખેતી કરવા જમીન તેમજ સંપાદન થયેલ જમીનના એક જ ખાતેદારને નોકરી પ્લોટ અને દુકાન જેમાંથી બે લાભ આપવાનું નક્કી થયું હતું. પરંતુ ૪૦ વર્ષ થવા આવ્યા છતાં તમામ ખેડૂતો લાભોથી હજુ વંચિત છે. રાજકીય પક્ષો ચૂંટણી વખતે પ્રશ્નો ઉકેલવાના વચનો આપી ચૂંટાયા પછી ખેડૂતોના હાર્દસમા પ્રશ્નો ઉકેલવા કોઈ રસ દાખવ્યો નથી. હજુ સુધી સરકારની ફાઈલોમાં પડતર પ્રશ્નો અટવાયેલા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર જિલ્લાના ૧૪ ગામોના અસરગ્રસ્ત ખેડૂતોના પ્રશ્નો જે પક્ષ ચૂંટણી ઢંઢેરામાં આવરી લેશે તેને ખેડૂતો ટેકો આપશે અને જે આ પ્રશ્નોની અવગણના કરશે તેના વિરૂદ્ધમાં મતદાન કરશે.

# ધણપ ગામે ગરબા જોવાની બાબતે યુવાન પર હિંશક હુમલો

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર જિલ્લાના ધણપ ગામે રાત્રે ગરબા જોવાની નજીવી બાબતે માથાકુટ થતાં ચાર શખ્સોએ ધણપ ગામના એક યુવાનને માથાના પાછળના ભાગે લોખંડની પાઈપ ફટકારી ઢીબી નાંખતા યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઈજાગ્રસ્ત યુવાનને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બનાવની ફરિયાદ ચિલોડા પોલીસ મથકે નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના ધણપ ગામે રાત્રે ગરબાની રમઝટ ચાલી રહી હતી ત્યારે ગામનો યુવાન હર્ષપાલસિંહ જનકસિંહ રાણાને ગરબા જોવાની બાબતે ગામના જ સૂર્ય દિલિપસિંહ રાણા, પોખરાજ ભૂપતસિંહ રાણા, શેલરાજ અરવિંદસિંહ રાણઆ, જયેન્દ્ર સોલંકી ગામ સોલંકીપુરા તા. દહેગામને માથાકુટ થઈ હતી. જેમાં હર્ષપાલને સૂર્યસિંહે માથાના પાછળના ભાગે પાઈપ ફટકારી હતી. તેમજ અન્ય ત્રણ મિત્રોએ ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાનને હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. હર્ષપાલે ચિલોડા પોલીસમથકે ફરિયાદ નોંધાવતા ગુનો નોંધી હે.કો. અમૃતભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

# આંતરવિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં ખાણ અને ઊર્જા વિભાગની ટીમનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા. ૨૯
સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત ઉદ્યોગ-ખાણ વિભાગ તથા ઊર્જા પેટ્રો કેમિકલ્સ વિભાગની ટીમ અને શહેરી વિકાસ વિભાગ વન વિભાગ અન્ન નાગરિક પુરવઠા વિભાગની સંયુક્ત ટીમ વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં ખાણ અને ઊર્જા વિભાગની ટીમે ૧૨ રને જવલંત વિજય થયો હતો. મેચમાં અતુલ બક્ષીને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

કલ્યાણ સમિતિ દ્વારા આયોજીત સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉદ્યોગ-ખાણ વિભાગ તથા ઉર્જા-પેટ્રોકેમિકલ્સ વિભાગની ટીમ અને શહેરી વિકાસ વિભાગ, વન વિભાગ, અન્ન નાગરીક પુરવઠા વિભાગની સંયુક્ત ટીમ વચ્ચે સેકટર-૨૧ જીમખાનામાં મેચ રમાઈ હતી જેમાં ઉદ્યોગ-ખાણ વિભાગ તથા ઉર્જા-પેટ્રોકેમિકલ્સ વિભાગની ટીમે ૩૦ ઓવરમાં ટીમે કુલ ૧૩૭/૯ રન કર્યા હતાં જેમાં અલ્પેશ ભાવસારે સૌથી વધારે રન ૩૯ (૩૨ બોલમાં) દિપેક રાજે ૨૭ રન અને અતુલ બક્ષી ૨૨ રન (૨૩ બોલમાં) કર્યા હતાં. શહેરી વિકાસ વિભાગ, વન વિભાગ, અન્ન નાગરીક પુરવઠા વિભાગની સંયુક્ત ટીમ ૧૩૮ રનના જીતનાં લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરેલી જે ઉદ્યોગ-ખાણ વિભાગ તથા ઉર્જા-પેટ્રોકેમિકલ્સ વિભાગનાં બોલીંગ આક્રમણ સામે ૨૮.૪ ઓવરમાં ૧૨૫ રનમાં જ સમેટાઈ ગઈ હતી. જેથી ઉદ્યોગ-ખાણ વિભાગ તથા ઉર્જા-પેટ્રોકેમિકલ્સ વિભાગનો ૧૨ રને જવલંત વિજય થયો હતો. આ ધમાકેદાર વિજય સાથે ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. બોલીંગમાં મહેન્દ્રસિંહ ચાવડા ૩ વિકેટ અતુલ બક્ષીએ ૩ વિકેટ તથા મહેન્દ્ર ચાવડા ૨ વિકેટ ઝડપી હતી.

# પેથાપુરમાં આનંદનો ગરબો યોજાયો

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામના મોટી બજાર, દરજીવાસ ખાતે માં અંબા બહુચર ભાવનાબહેન પટેલ મંડળ દ્વારા જયોત્સના બહેન દરજીને ત્યાં આનંદનો ગરબો યોજાયો હતો. આનંદના ગરબામાં ગામના સ્નેહીજનો અને ભકતજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

# પીએચ.ડી. પદવી એનાયત

ગાંધીનગર, તા. ૨૯



ગુજરાત ઈકોલોજી કમિશન ગાંધીનગરમાં ફરજ બજાવતા અંકુર નટવરલાલ પાટેલે તાજેતરમાં 'એ ફલોરલ બાયોડાયવર્સિટી ઓફ જેસોર સેન્ચ્યુરી' વિષય પર મહાશોધ નિબંધ રજૂ કરતાં ક્રાન્તીકારી શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી, ભૂજ-કચ્છ તરફથી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. સંશોધન કાર્યમાં એમ.ડી. સાયન્સ કોલેજ, પોરબંદરના વનસ્પતિ શાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ભૂપેન્દ્રસિંહ જાડેજાએ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

# એસ.ઓ.જી. ટીમના કલોલમાં ૩ સ્થળે દરોડા

## ભાડુઆત અંગે સ્થાનિક પોલીસને જાણ ન કરનાર ત્રણ માલીકો વિરૂદ્ધ ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર સ્પેશીયલ ઓપરેશન ગ્રૂપ (એસ.ઓ.જી.)ની ટીમે બાતમી મેળવીને કલોલ શહેર તથા તાલુકા વિસ્તારમાં ત્રણ મકાનોમાં દરોડા પાડીને ભાડુઆત અંગે સ્થાનિક પોલીસમથકે જાણ ન કરીને જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરનાર મકાન માલિકો વિરૂદ્ધ ગુના દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. ભરત પટેલની સુચનાથી હે.કો. ગૌતમભાઈ સહીતની ટીમે કલોલ શહેર અને તાલુકા વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. જેમાં બહાર આવ્યુ હતું કે કલોલ શહેરના વખારીયા વાડી, મોટો વાસ ખાતે રહેતાં મકાન માલિક સોમાભાઈ રમણભાઈ રબારીએ મદનલાલ નારૂજી ગાડરીને પોતાનું મકાન ભાડે આપી પોલીસને જાણ કરી ન હતી. તે ઉપરાંત ચાંદલોડીયા ખાતે રહેતા પ્રકાશભાઈ લક્ષ્મણભાઈ રબારીએ તેમના કલોલ તાલુકાના ખાત્રજ ખાતેના મકાનને હરીશચંદ્ર શંભુનાથ યાદવને ભાડે આપી દીધુ હતુ. તથા રમેશજી ચંદુજી ઠાકોરે સાંતેજના રામનગર વિસ્તારનું મકાન મહોમ્મદ ઈસરાલ પઠાણને ભાડે આપી સ્થાનિક પોલીસમથકે જાણ ન કરી હોવાનું બહાર આવ્યું હતું. એસ.ઓ.જી.એ ત્રણેય મકાનમાલિક વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

# નગરની બહેનોએ જીવદયા માટે કરેલી હાકલ

ગાંધીનગર, તા.૨૯
ગાંધીનગરની બહેનોએ જાગૃત થઈને 'જીવદયા એ જ પ્રભુ સેવા' સૂત્રને અનુસતા પગરણનો પ્રારંભ કર્યો છે. મુંગા પ્રાણીઓ પોતાની વ્યથાને રજૂ કરી શકતા નથી ત્યારે કતલખાનેથી જીવતી મુરઘીને ૨૫૦ રૂ. આપી, ખરીદીને જંગલમાં મુકત સ્થાને છોડી દેવાની, જીવદયાની કામગીરી નગરની બહેનોએ પ્રારંભી છે અને નગરજનોને આ બાબતે અપીલ કરી શકય તેટલું આર્થિક દાન અબોલ પક્ષીઓને છોડાવવા માટે આપવા જણાવ્યું છે.



આપણા સમાજમાં અનેક જીવદયા પ્રેમીઓ છે જે મુંગા પશુ-પક્ષીઓને બચાવવા અનેક પ્રયત્નો કરે છે. ગાંધીનગરની રેખાબેન નિમાવત અને લક્ષ્મીબેન વાણીયાએ આવા અબોલ, કતલખાને જતા પક્ષીઓને બચાવવાની જહેમત ઉઠાવી છે. તેમણે જણાવ્યું કે, કસાઈવાડે જતી એક મુરઘીને જીવતી બચાવી લેવામાં આવે તો તેના જેવી કોઈ જીવદયા નથી એક જીવતી મુરઘીની કિંમત ૨૫૦ રૂ. હોય છે. જે આપણે ઘણીવાર કતલ ખાને કપાતી જોઈએ છીએ. આ જ કતલખાને ગયેલી મુરઘીને ૨૫૦ રૂ. આપી છોડાવવામાં આવે તો એના જેવી જીવદયા બીજી કઈ હોઈ શકે! આપણે આપણા મોજ શોખમાં સો-બસો રૂપિયા વાપરતા જ હોઈએ છીએ ત્યારે જો આવી કસાઈવાડે જતી મુરઘીઓને બચાવવા માટે ૨૫૦ રૂ. આપી જીવતદાન અપાય તો કેવું! નગરની બહેનોનો પ્રયત્ન છે કે આ મુરઘીને કાપતા જીવતી બચાવી કસાઈને ૨૫૦ રૂ. આપી મુકત કરાવી જંગલમાં છોડી દેવામાં આવશે. આ અંગે રેખાબેન નિમાવતનો મો.નં. ૮૧૪૧૪ ૫૪૭૫૪ અથવા લક્ષ્મીબેન વાણીયાનો મો.નં. ૯૯૭૪૬ ૪૪૧૮૭ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# પાર્કીંગ વ્યવસ્થા ન હોય તેવા હાઈ-વે સ્થિત ઢાબા બંધ કરાશે

## માર્ગ સલામતી જોખમાતા પરવાના રદ કરવા કલેક્ટરને દરખાસ્ત કરી પોલીસતંત્ર પગલા લેશે

ગાંધીનગર, તા. ૨૯
હાઈવે વિસ્તારમાં સ્થિત ખાણી-પીણીના ઢાબાઓના લીધે માર્ગ સલામતી જોખવાઈ હોવાની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. જેના પગલે પાર્કિંગ વ્યવસ્થા ન હોય તેવા તમામ ઢાબા બંધ કરાવી દેવાનો નિર્ણય લેવાયો છે. જિલ્લા પોલીસતંત્ર દ્વારા આગામી દિવસોમાં આ મામલે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરની બહાર હાઈ-વે પર આડેધડ વાહન પાર્કિંગને કારણે અકસ્માતો સર્જાવા સહિત ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થતી હોવાના પગલે હાઈ-વે પર અને હાઈવે પરના સર્વિસ રોડ પર આવેલા ખાણી-પીણીના ધાબા પર જ્યાં પાર્કિંગની વ્યવસ્થા ન હોય તેવા તમામ ધાબા બંધ કરાવી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ દ્વારા આ સંદર્ભે સ્થળ તપાસ પણ કરાવી લેવાઈ છે અને પાર્કિંગની વ્યવસ્થા ન ધરાવતા હોટલ, રેસ્ટોરન્ટ કે, ધાબાના પરવાના રદ કરી દેવા માટે પણ કલેક્ટરને દરખાસ્ત કરવામાં આવનાર છે. ગાંધીનગર નજીક ચિલોડાથી અમદાવાદ જતા માર્ગ પર અને ચિલોડાથી હિંમતનગર જતા માર્ગ પર આ સમસ્યા વકરી છે. આ ઉપરાંત દહેગામ પાસે પણ ધાબાઓ આસપાસ વ્યાપક પ્રમાણમાં ટ્રાફિકના પ્રશ્નો ઉભા થયા છે. જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલે જણાવ્યું કે, સતત ટ્રાફિકના પ્રશ્નો આ સ્થળોએ ઉભા થાય છે. સાથોસાથ અકસ્માતના બનાવો પણ બને છે. પોલીસ દ્વારા શરૂઆતમાં હાઈવે પરના આવા ધાબા, લોજ તથા હોટલના સંચાલકોને કહેવામાં આવ્યું હતું કે, તેઓ બનતી ઝડપે વાહન પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરે. પરંતુ આ પૈકીના મોટાભાગના ધાબા પર આવી વ્યવસ્થા કરવામાં આવી નથી. ઉપરોક્ત હાઈ-વે પર ૨૪ કલાક માટે વાહનોની અવરજવર રહે છે અને તેમાં પરિવહન કરતા મુસાફરો અને ખાસ કરીને ડ્રાઈવર-ક્લીનરો પોતાના હેવી વ્હીકલ્સ ધાબા, હોટલ આસપાસ રોડ પર જ કે, સર્વિસ રોડ પર મુકી દેતા હોય છે. આ સંજોગોમાં આગામી દિવસોમાં જિલ્લા પોલીસ દ્વારા આવા પાર્કિંગ પ્લેસ ન ધરાવતા ધાબા ખોલવા દેવાશે નહી તથા જિલ્લા વહીવટી તંત્ર મારફત તેના પરવાના રદ કરાવી દેવામાં આવશે.

# દરમાં ઘુસેલી લખોટી બહાર કાઢવા જતા બાળકને સાપ કરડી ગયો..!!

## ૧૨ વર્ષના બાળકનું સાપ કરડી જવાથી મૃત્યુ : શેરથા ગામમાં બનેલી ઘટના : મિત્રો સાથે બપોરે લખોટી રમતો હતો

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર પાસે આવેલા શેરથા ગામમાં લખોટીની રમત રમી રહેલા ૧૨ વર્ષના માસુમ બાળકનો એક સાપે દંશ મારીને ભોગ લીધાની ઘટના બનવા પામી છે. બાળકની લખોટી એક દરમાં ઘુસી જતાં હાથ નાંખીને દરમાંથી લખોટી કાઢવા જતાં દરમાં રહેતા સાપે હાથે દંશ મારી દેતા બાળકનું મૃત્યુ નિપજ્યું છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ મોકલી કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર આજે બપોરના સુમારે ગાંધીનગર પાસેના શેરથા ગામમાં રહેતો ૧૨ વર્ષનો બાળક બળવંત ગીરધરજી ઠાકોર તેના મિત્રો સાથે ગામની સીમમાં લખોટીની રમત રમી રહ્યો હતો. રમત રમતાં-રમતાં તેની એક લખોટી ખેતરના એક દરમાં ઘુસી ગઈ હતી. આ લખોટી બહાર કાઢતા બળવંતે તેનો હાથ દરમાં નાંખ્યો અને દરમાં રહેતા સાપે અંદરથી તે બાળકને દંશ મારી દેતા સાપનું ઝેર શરીરે પ્રસરી જવા પામ્યુ હતુ અને ઝેરની અસર થવાથી બાળકનું મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનાને પગલે શેરથા ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. માટે મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેકટર-૨ના પેન્શનર્સ સમાજનું સ્નેહમિલન સંમેલન

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજનો સેકટર-૨ના પેન્શનરોનું સ્નેહમિલન સંમેલન પ્રચારમંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. સર્વશ્રી ધીરજલાલ સંઘાણી, મંગળભાઈ ચૌહાણ, અમીદાર દરોદશા, રાજેન્દ્રભાઈ પારેખ, જીતેન્દ્રભાઈ પુરોહિત, રમણલાલ પંચાલ હાજર રહ્યા હતા.

પ્રાર્થના ભજનથી સમારંભની શરૂઆત કરવામાં આવી હતી. મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના ડૉ. બારોટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હાલમાં ફાટી નીકળેલ રોગચાળો અટકાવવા વિષે માહિતી આપી હતી. ધીરજલાલ સંઘાણીએ આભારવિધિ કરી હતી.

# ગાળા ગાળી કરવાની ના પાડતા યુવાન પર છુરી વડે હુમલો

## વૈષ્ણોદેવી સર્કલ પાસે નાસ્તાની લારી નજીક બનેલી ઘટના

ગાંધીનગર, તા.૨૯
ગાંધીનગર-સરખેજ હાઈવે પર વૈષ્ણોદેવી મંદિર સર્કલ નજીક નાસ્તાની લારી પાસે ગાળા ગાળલી કરી મન ફાવે તેમ વર્તન કરતા યુવાનને તેમ કરતા અટકાવતા ગોતાના વ્યકિતને તે શખ્સે માથાના ભાગે અને સાથે છરીના ઘા ઝીંકી દેતા ચકચાર મચી જવા પામી છે. ઘાયલ થયેલા યુવાનને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અડાલજ પોલીસે આ સંદર્ભે ગુનો દાખલ કરી તપાસનો દોર શરુ કર્યો છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતો યુવાન શખ્સ શંકર નવીનચંદ્ર વ્યાસ ગાંધીનગર-સરખેજ હાઈવે પર સ્થિત વૈષ્ણોદેવી સર્કલ પાસે ભજીયાની લારી પાસે ઉભો હતો અને મન ફાવે તેમ ગાળાગાળી કરી રહ્યો હતો આ શખ્સને ગાળાગાળી કરવાની અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા ઘનશ્યામભાઈ ઈશ્વરભાઈ સથવારાએ ના પાડતા અકળાઈ ઉઠેલા શંકર વ્યાસે ઉશ્કેરાઈ જઈને છરી હાથમાં પકડી લીધી હતી અને ઘનશ્યામભાઈ પર હિંસક હુમલો કરી મુકયો હતો. માથાના ભાગે અને ડાબા હાથે છરીના ઘા ઝીંકી દેતા ઘાયલ થયેલા ઘનશ્યામભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સદભાગ્યે તેમની તબિયત સુધારા પર છે તેમની ફરિયાદને આધારે અડાલજ પોલીસ મથકના પી.એસ.આઈ. ગોહીલે શંકર વ્યાસ વિરુધ્ધ ગુનો દાખલ કરી સઘન તપાસ આરંભી છે.

# જલારામ મંદિરનો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૯
ગાંધીનગર સેવા સમાજના મંત્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જલારામ ધામ, સેકટર-૨૯ ખાતે સ્થિત જલારામ મંદિરનો પાટોત્સવ ૧૧મી ડિસેમ્બરે યોજવામાં આવશે.

જલારામ સેવા સમાજ દ્વારા સંચાલિત જલારામ મંદિરનો પાટોત્સવ કારતક વદ તેરસને મંગળવારે તા.૧૧મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ યોજવામાં આવશે. જેની જલારામ સેવા સમાજના તમામ સભ્યોએ અને મૂર્તિદાતાઓએ ખાસ નોંધ લેવી. જલારામ બાપાના મંદિરના પાટોત્સવમાં નગરજનો અને ભાવિક ભકતો જોડાશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪
સૂર્યાસ્ત : ૫.૫૨

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૧૦.૦૦
તલાશ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૧૧.૧૫, ૭.૪૫
તલાશ : ૨.૧૫, ૫.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
જબ તક હૈ જાન : ૧૨.૪૫, ૬.૪૫
સન ઑફ સરદાર : ૪.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાઈ (હિન્દી) ૩-ડી : ૯.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦
ટ્વાલાઈટ પાર્ટ-૨ : ૧૧.૪૫
તલાશ : ૯.૩૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
તલાશ : ૮.૦૦, ૧૧.૦૦, ૮.૧૫
સન ઑફ સરદાર : ૨.૦૦
જબ તક હૈ જાન : ૫.૦૦
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

તલાશ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
તલાશ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૧૫, ૧.૩૦, ૧૦.૧૫
તલાશ : ૫.૦૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

તલાશ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. આજે કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**વૃષભ** : જનકલ્યાણની ભાવનાને કારણે પ્રતિષ્ઠામાં વધારો થશે. અધિકારી વર્ગ અને પ્રચાર કાર્યોથી લાભ થવાની સંભાવના.

**મિથુન** : વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે. ઘરમાં મહેમાન આવશે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે. વેપારમાં રોકાણ માટે સમય સારો નથી.

**કર્ક** : કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**સિંહ** : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

**કન્યા** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : નવાઆર્થિક સ્ત્રોત પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી. બૌદ્ધિક હેરાનગતિ શકય.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી હાલ દુર રહો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : આજે શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ ઈશ્વરભાઈ વાઘેલા (ઉ.વ.૪૫) પ્લોટ નં. ૧૪૭/૧, 'જ' ટાઈપ, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. અરવિંદભાઈ ધીરૂભાઈ દેસાઈ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૨૩૩, સેકટર-૭/એ, ગાંધીનગર.
- સ્વ. અમૃતભાઈ શીવરામદાસ પટેલ (ઉ.વ.૮૫) મુ.પો. ધોળાકુવા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. રસિકલાલ રણછોડભાઈ મોદી (ઉ.વ.૭૪) પ્લોટ નં. ૨૩૪, આનંદનગર, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. ગંગાબેન ચંદુજી ઠાકોર (ઉ.વ.૭૫) મુ.પો. મોટી આદરજ, તા., જિ.ગાંધીનગર.
- સ્વ. સુરજભાણસિંહ પ્રતાપસિંહ શેખાવત (ઉ.વ.૬૭) પ્લોટ નં. ૭૪૯, આદર્શનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. ચેતનકુમાર રાયજીભાઈ સોલંકી (ઉ.વ.૭૫) બ્લોક નં. ૧૭૦, સર્વોદયનગર સોસાયટી, સેકટર-૩૦, ગાંધીનગર.